## સેશન્સ કેસ નંબર–૬૭/૨૦૨૩

## –:: આંક–૨૦ હેઠળ હુકમ ::–

(૧) આ કામના અરજદાર/આરોપીએ આંક–૨૦થી હાલની અરજી તેમના વિ.વ.શ્રી મારફતે સી આર.પી.સી.ની કલમ–૨૨૬, ૨૨૭, ૨૨૮ તથા ૨૩૯ મુજબ રજુ કરી, અડાલજ પોલીસ સ્ટેશન (ગાંધીનગર જીલ્લો) ફર્સ્ટ ગુના રજીસ્ટર્ડ નંબર–11216001220333–2022, આઇ.પી.સી.ની કલમ–૩૦૭, ૩૨૩ સાથે વાંચતા કલમ–૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનામાંથી બીન તહોમત છોડી મુકવા અરજ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીએ તેમની અરજીમા ફરિયાદની ટુંકી હકીકતો જણાવી વિશેષમા જણાવેલ છે કે, આ કામે ફરિયાદ, પોલીસ પેપર્સ, ચાર્જશીટ વગેરેનો અભ્યાસ કરતા અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય કેસ બનતો હોય તેમ જણાઇ આવતુ નથી કે તેવો કોઇ પુરાવો નથી. જેથી તેમને આક્ષેપીત ગુનામાંથી બીનતહોમત છોડી મુકવા અરજ કરેલ છે. વધુમા જણાવેલ છે કે, અરજદાર /આરોપી તદન નિર્દોષ અને બે ગુનાહ છે. ફરિયાદીએ તેમની ફરિયાદ તદન ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતોને આધારે માત્ર અને માત્ર અરજદાર/આરોપીને હેરાન પરેશાન કરવાના ઈરાદે આપેલ છે. વધુમા અરજદાર/આરોપી જણાવે છે કે, રાજસ્થાનના કૈરાલીના મંડી હિન્ડૌન પોલીસ સ્ટેશનમાં ફર્સ્ટ ગુના રજીસ્ટર્ડ નંબર–૬૪૬/૨૦૨૧, આઇ.પી.સી.ની કલમ–૧૪૭, ૧૪૮, ૩૦૨, ૪૨૭, ૫૦૬ મુજબના ગુના નોંધાયેલ ગુનાની ટ્રાયલ દરમ્યાન મુદતે નામ. કોર્ટમા સાંજના પાંચ સાડા પાંચ વાગ્યા સુધી હાજર હતા અને ત્યારબાદ અરજદાર/આરોપી પોતાના ગામમા રોકાયેલ હતા. ફરિયાદીએ તેમન ફરિયાદમાં જણાવેલ બનાવ વાળી જગ્યાએ અરજદાર/આરોપી રોકાયેલ તેનાથી આશરે ૭૫૦ કી.મી. દુર છે. આમ, બનાવના દિવસે અરજદાર/આરોપી બનાવ સમયે સ્થળે હાજર ન હોવાનુ સ્પષ્ટપણે ફલીત થાય છે. જે બાબતે તપાસ કરનાર અમલદારે કોઇ જ

તપાસ કરેલ નથી અને અરજદાર/આરોપીને સદર ગુનામા તદન ખોટી રીતે સંડોવી, ખોટી રીતે અટક કરેલ છે. આ કામના ફરિયાદીએ ધંધાકીય હરીફાઇની અદાવત રાખી, ખોટી રીતે ગુનામા સંડોવેલ છે. વળી ઇજા પામનાર ફરિયાદીને સારવાર બાદ હોસ્પીટલમાંથી ડીસ્ચાર્જ કરવામા આવેલ છે ત્યારે અરજદાર/આરોપી સામે આક્ષેપીત ગુના વધુ ગંભીર ગુનામા પરિણામે તેવી કોઇ શકયતા નથી. નામ. સુપ્રીમ કોર્ટે વખતો વખત પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત અનુસાર અરજદાર/આરોપીનુ જો કોઇ કથન હોય તો, અદાલતે તે ધ્યાને લેવુ જોઇએ, ટ્રાયલની કાર્યવાહી અદાલતે યાંત્રીક રીતે ચલાવવી જોઇએ નહી. તેમજ જો ઇન્સાફી કાર્યવાહીના અંતે આરોપીને દોષીત ઠરાવી શકાય તેવી કોઇ શકયતા જણાતી ન હોય તો, તેવી કાર્યવાહી અદાલતે આગળ ચલાવવી જોઇએ નહી અને આરોપીને બીન તહોમત છોડી મુકવો જોઇએ. જે કાયદાની જોગવાઇઓ તથા ઉપરોકત તમામ હકીકતો અને સંજોગોને ધ્યાનમા રાખી, અરજદાર/આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાથી બીનતહોમત છોડી મુકવા અરજ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ પણ અરજદાર/આરોપીની અરજી મુજબની રજુઆતો કરી, આ કામની ફરિયાદ, પોલીસ પેપર્સ, ચાર્જશીટ વગેરેનો અભ્યાસ કરતા અરજદાર/આરોપી વિરૂધ્ધ કોઇ પ્રથમ દર્શનીય કેસ બનતો હોય તેમ જણાઇ આવતુ નથી કે તેવો કોઇ પુરાવો નથી. વળી અજદાર/આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો જોતા, બનાવ સમયે અને સ્થળે અરજદાર/આરોપીની હાજરી જ ન હતી, આ કામના ઇજા પામનાર ફરિયાદીને સારવાર બાદ હોસ્પીટલમાથી ડીસ્ચાર્જ કરવામા આવેલ છે ત્યારે અરજદાર/આરોપી ભયમુકત અને સારવાર મુકત છે. ત્યારે અરજદાર/આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાંથી બીનતહોમત છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૪) સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી એસ.એસ.પંડયાએ અરજદાર /આરોપીની અરજીનો સખ્ત વિરોધ કરતા જણાવેલ છે કે, આ કામના ફરિયાદીએ અરજદાર/આરોપી સામે નામજોગ ફરિયાદ આપેલ છે. બનાવમા ફરિયાદીના બાઇકને નુકશાન થયેલ છે તે હકીકત પણ ફરિયાદ તથા પોલીસ પેપર્સ પરથી જણાઇ આવે છે. બનાવ નજરે જોનાર સાહેદ નિકુલ દેસાઇએ ફરિયાદીની ફરિયાદ હકીકતોને સમર્થન આપેલ છે. ફરિયાદીને થયેલ ઇજા અંગેના મેડીકલ પેપર્સ પણ પોલીસ પેપર્સમાં સામેલ છે ત્યારે અરજદાર/આરોપીની આક્ષેપીત ગુનામા પ્રથમ દર્શનીય સંડોવણી હોવાનુ જણાઇ આવે છે. તેથી અરજદાર/આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાંથી બીન તહોમત છોડી મુકવા માટે કરેલ હાલની અરજી રદ કરવા ભારપૂર્વક રજુઆત કરેલ છે. વળી અરજદાર/આરોપીની રજુઆત કે, બનાવ સમયે અને બનાવ સ્થળે તેઓ હાજર ન હતા, પરંતુ રાજસ્થાન કોર્ટમા તેમની સામે ચાલતા કેસની મુદતે અદાલતમા હાજર હતા તે હકીકત હાલના તબકકે માની શકાય તેમ નથી. તેમજ ઇજા પામનાર ફરિયાદી સારવાર બાદ હોસ્પીટલમાંથી રજા આપવામા આવેલ છે તેટલા માત્ર કારણસર ગુનામા અરજદાર/આરોપીની સંડોવણી ન હતી કે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઇ બનાવ બનેલ જ નથી તેવુ જણાઇ આવતુ નથી. ત્યારે અરજદાર/આરોપી તરફથી કરવામા આવેલ હાલની અરજી રદ ફરમાવવા અરજ કરેલ છે.

(૫) અરજદાર/આરોપીની અરજી વંચાણે લીધી, બંને પક્ષકારો તરફે રજુ થયેલ રજુઆતો તથા કાયદાની જોગવાઇઓ ધ્યાને લીધી. આ કામની ફરિયાદ વંચાણે લેતા, ફરિયાદીએ અરજદાર/આરોપી વિરૂધ્ધ નામજોગ ફરિયાદ આપેલ છે. તેમજ ફરિયાદીએ તેમની ફરિયાદમાં સ્પષ્ટપણે અરજદાર/આરોપીએ લોખંડની પાઇપ વડે ફરિયાદીને બંને પગના ઘુંટણમા તથા નળામાં ઇજા કરેલ હોવાનુ સ્પષ્ટપણે જણાવેલ છે. અરજદાર/આરોપી ઉપર ફરિયાદીએ અગાઉ કરેલ ફરિયાદનુ મનદુ:ખ રાખી, તે પરત ખેંચવા દબાણ લાવવાના હેતુથી અરજદાર/આરોપી તથા સહ આરોપીઓએ ફરિયાદી ઉપર હુમલો કરેલ હોવાનુ માનવાને કારણ રહે છે. અરજદાર/આરોપીની

રજુઆત કે, બનાવ સમયે અને સ્થળે તેઓ રાજસ્થાન મુકામે તેમની સામે ચાલતા કેસની ન્યાયીક કાર્યવાહીની મુદતે રાજસ્થાન ખાતેની ટ્રાયલ કોર્ટમાં હાજર હતા. જે બદલ તેમની હાજરી પુરતી સહી રજુ કરેલ દસ્તાવેજો પરથી ફલીત થાય છે. અરજદાર/આરોપી બનાવ સમયે જે સ્થળે હાજર હતા તે બનાવવાળી જગ્યાએથી લગભગ ૭૫૦ કી.મી. દુર આવેલ છે અને તે અંતર કાપતા લગભગ પંદર થી સોળ કલાક જેટલો સમય લાગે અને તેથી બનાવ સમયે અને સ્થળે અરજદાર/આરોપી હાજર ન હોવાનુ ફલીત થાય છે અને તેથી અરજદાર/આરોપીને તેમની સામેના આક્ષેપીત ગુનામાંથી બીન તહોમત છોડી મુકવા રજુઆત કરેલ છે. પરંતુ ઉપર અરજદાર/આરોપીની સ્થળ પર હાજર ન હતા તે હકીકત હાલના તબકકે પુરાવો લીધા સ્વિાય નકકી કરી શકાય નહી. ફરિયાદીની ફરિયાદ જોતા અરજદાર/આરોપીની બનાવ સમયે અને સ્થળે હાજરી હોવાનુ પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે અને ફરિયાદીની ફરિયાદ હકીકતોને બનાવ નજરે જોનાર સાહેદ નિકુલભાઇ દેસાઇ કે જેઓ તટસ્થ સાહેદ છે તેમના નિવેદનથી તથા પોલીસ પેપર્સમાં સામેલ પંચનામા તથા ફરિયાદીને થયેલ ઇજા અંગેના પેપર્સ પરથી સમર્થન મળે છે ત્યારે પ્રથમ દર્શનીય રીતે બનાવ સમયે અને સ્થળે અરજદાર/આરોપીની હાજરી હોવાનુ ફલીત થાય છે. વળી, અદાલતે તહોમતનામુ ફરમાવતી વખતે એફ.આઇ. આર., ચાર્જશીટ, તપાસ કરનાર અમલદારે સી આર.પી.સી.ની કલમ–૧૬૧ અન્વયે લીધેલ સાહેદોના નિવેદનો વગેરે તપાસના કાગળો ધ્યાને લેવાના રહે છે. તહોમતનામુ ફરમાવતી વખતે આરોપીઓનો બચાવ ધ્યાને લેવાનો રહેતો નથી. આરોપીઓ પોતાનો બચાવ પુરાવાના સમયે પુરવાર કરી શકે છે. તહોમતનામુ ફરમાવતી વખતે અદાલતે માત્ર પોલીસ તપાસના કાગળો ધ્યાને લેવાના રહે છે. ત્યારે અરજદાર/આરોપીએ રજુ કરેલ દસ્તાવેજો હાલના તબકકે ધ્યાને લઇ શકાય નહી. તે પુરાવો લીધા બાદ જ ધ્યાને લઇ શકાય. વળી નામ. સુપ્રીમ કોર્ટે વખતો વખત પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો મુજબ અરજદાર/આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ હોવાનુ જણાય તો, આરોપીને આક્ષેપીત ગુનામાંથી ડીસ્ચાર્જ કરી શકાય નહી. નામ. સુપ્રીમ કોર્ટે 2009

SAR (Criminal) 888, Chitrshkumar Chopra Vs. State (Govt. of NCT of Delhi) ના ચૂકાદામા પ્રસ્થાપીત કરેલ છે કે,"Accuse can not discharge- at this stage the court has to consider the material only with a view to find out if there is ground for "Presuming that the accused has committed an offence and not for the purpose of arriving at the conclusion that it is not likely to lead to a conviction."

**(૬)** આમ, ઉપરોકત મુજબના ચૂકાદામા પ્રસ્થાપીત થયેલ સિધ્ધાંત તથા ઉપર કરેલ ચર્ચા મુજબ ફરિયાદમા અરજદાર/આરોપીનુ નામ છે, ચાર્જશીટમા બનાવ નજરે જોનાર સાહેદના નિવેદન તથા પોલીસ પેપર્સમા સામેલ પંચનામા તથા ફરિયાદીને થયેલ ઇજા અંગેના મેડીકલ પેપર્સથી ફરિયાદીની હકીકતોને સમર્થન મળતુ હોઇ, આક્ષેપીત ગુનામા અરજદાર/આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી હોવાનુ જણાઇ આવતુ હોઇ, અરજદાર/આરોપીની હાલની અરજી ગ્રાહય રાખી શાય તેમ ન હોઇ, ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

## <u>-:: હુકમ ::-</u>

(૧) આ કામના અરજદાર/આરોપીની આંક-૨૦ ની અરજી આથી રદ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તા.૦૧ લી, માહે-એપ્રીલ, સને-૨૦૨૬ ના રોજ ખુલી અદાલત માં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૪/૨૦૨૬
સ્થળ : ગાંધીનગર.

(***આશિષ જે. એસ. મલ્હોત્રા***)
મુખ્ય સેશન્સ જજ, ગાંધીનગર.
(કોડ નંબર-જીજે ૦૧૫૦૪)